# આજ સાંજથી ગુજરાતમાં પ્રચાર પડઘમ શાંત

## બુધવારે રાજયની ૨૬ બેઠકો પર મતદાન યોજાશે : સભાઓ-રેલીઓથી ગાજી ઉઠેલ ચૂંટણી માહોલ હવે શાંત પડશે : બુથ મેનેજમેન્ટ માટે કાર્યકરોની ફોજ કામે લગાડાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતની ૨૬ બેઠકોનો ચુંટણી જંગ અંતિમ ચરણમાં પહોંચ્યો છે. પ્રચાર પરાકાષ્ઠાએ પહોંચતા રાજકીય ઉત્તેજના તીવ્ર બની છે. સોમવારની સાંજે પાંચ વાગે ચુંટણી પ્રચાર બંધ થઈ જશે. સભાઓ-સરઘસો નહીં યોજી શકાય. છેલ્લા ત્રણ દિવસમાં બધા જ પક્ષોએ એડી ચોટીનું જોર લગાવ્યું. ચારે બાજુ ચુંટણીનો શોરબકોર સર્જી દીધો છે.

રવિવારે આખો દિવસ નગરો મહાનગરોમાં રોડ શૉ યોજાયા હતા. અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, જામનગર, જુનાગઢ, ભાવનગરમાં કોંગ્રેસ-ભાજપ અને આપ પાર્ટીના શકિત પ્રદર્શન સમા રોડ શૉ, અમદાવાદમાં અડવાણીનાં રોડ શૉ અને સુરેન્દ્રનગરમાં ઉલ્ટા ચશ્માના કલાકારોનો રોડ શૉ યોજાયો હતો ગાંધીનગરમાં આપના ઉમેદવારનો રોડ શૉ અને સુરતમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોના રોડ શૉ એ ભારે ઉત્તેજના સર્જાવી હતી. છેલ્લા ત્રણ દિવસમાં પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ૧૨ જાહેર સભાઓ યોજી ગુજરાતનો વ્યકિત વડાપ્રધાન બને તેવું ઈમોશનલ કાર્ડ ખેલ્યું છે. સાથે સાથે ભાજપના લાલકૃષ્ણ અડવાણી, સુષ્મા સ્વરાજ, રાજનાથસિંહ જેવા દિગ્ગજ નેતાઓ પણ ગુજરાતમાં ઉતરી પડયા છે તો બીજી તરફ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીની વલસાડ અને ખેરાલુની જાહેસભા ભારે પ્રભાવશાળી બની રહી. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની અમરેલી, બોટાદ અને દેવગઢ બારીયાની સભાઓએ પણ ભારે ચર્ચા જગાવી છે. અહેમદ પટેલ કચ્છ, બનાસકાંઠા, ભરુચ અને બારડોલી વિસ્તારમાં જાહેરસભાઓ યોજી કોંગ્રેસ તરફી વાતાવરણ ઉભુ કર્યુ છે. કપિલ સિબ્બલ આજે અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજવાના છે. આમ કોંગ્રેસ તરફથી પણ ધમાકેદાર પ્રચાર અભિયાન ચલાવાયું છે. જયારે આમ આદમી પાર્ટી તરફથી પણ ગાંધીજીના

● અનુસંધાન પાન-૭ પર

ઈલેકશન કાઉન્ટ-ડાઉન
VOTE
02
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૬ | ૨૮ એપ્રિલ, ૨૦૧૪, સોમવાર; ચૈત્ર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

### પહેલી પત્નિ જેડીયુની ધારાસભ્ય બીજી પત્નિ આરજેડીની ઉમેદવાર

બિહારના બાહુબલી નેતા રણબીર યાદવના પત્નિ કૃષ્ણા યાદવ બિહારની ખગરીયા લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. કૃષ્ણાકુમારી યાદવ રણબીર યાદવના બીજા નંબરના પત્નિ છે અને રસપ્રદ વાત એ છે કે યાદવના પહેલા પત્નિ પૂનમ યાદવ કગરીયામાંથી નિતિશકુમારની જેડીયુની ટીકીટ પર બિહાર વિધાનસભામાં ચૂંટાયેલા છે. વળી પૂનમ અને કૃષ્ણા બંને સગી બહેનો છે.

### આર.એમ. લોઢા સુપ્રિમના નવા ન્યાયમૂર્તિ

સુપ્રિમ કોર્ટના ૪૧મા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શ્રી આર.એમ. લોઢાનો શપથવિધિ સમારોહ દિલ્હી ખાતે યોજાયો હતો. ન્યાયતંત્રમાંથી ભ્રષ્ટાચાર દુર કરવાની પ્રતિબધ્ધતા વ્યકત કરતા લોઢાએ સ્વચ્છ પ્રતિભાવાળા ન્યાયમૂર્તિઓ મુકવાની હિમાયત કરી હતી.

# ગાંધીનગરમાં આકરો તાપ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરાઓએ રવિવારે કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો હતો. આકાશમાંથી જાણે અંગારા વરસતા હોય તેમ આકરી ગરમી પડી હતી. આજે મહત્તમ તાપમાન કાળઝાળ ગરમી પડી રહી છે. રવિવારે સવારથી જ આકરી ગરમીનો અહેસાસ થતો હતો. બપોરે ગરમી ખુબ વધતા વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા. બજારો એકદમ સુમસામ

## મોસમની સૌથી વધુ ગરમી રવિવારે પડી : માર્ગો અને બજારો સુમસામ બન્યા

૪૨ ડિગ્રી પહોંચતા ગરમીના કારણે માર્ગો, બજારો સાવ સુમસામ થઈ ગયા હતા. આજે મોસમનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો.

એપ્રિલ માસના અંતિમ તબક્કામાં ઉનાળો જાણે તેની પરાકાષ્ટાએ પહોંચ્યો છે. ચૈત્ર આકાશે ચઢ્યો છે. આકાશમાંથી જાણે અંગારા વરસતા હોય તેવી લાગતા હતા. માર્ગો પર એકલદોકલ વાહનો સિવાય કોઈ અવરજવર દેખાતી ન હતી. વસાહતીઓએ ભારે ગરમીના કારણે ઘરની બહાર નીકળવાના બદલે ઘરમાં જ એસી કુલરની ઠંડકમાં પુરાઈ રહેવાનું પસંદ કર્યુ હતું. આકરી ગરમીની અસર એટલી બધી રહી હતી કે સૂર્યાસ્ત બાદ પણ લૂ ચાલુ રહી હતી. ફેરીયાઓ અને લારી ગલ્લાવાળાઓએ ગરમીના કારણે કામ ધંધો પણ બંધ રાખ્યો હતો. સાંજ પછી બજારોમાં થોડીક અવરજવર જોવા મળી હતી. ભારે ગરમી પડવાની શરૂઆત થતા એસી કુલરના વેચાણમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. બજારોમાં એસી-કુલરનો માલ ખતમ થઈ ગયો છે. ભારે ગરમીથી વસાહતીઓ તોબા પોકારી ગયા હતા.

રાત્રે પણ લઘુત્તમ તાપમાન ૨૬.૪ ડિગ્રી જેટલુ ઉંચુ રહ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૫૫ ટકા અને સાંજે ૧૭ ટકા રહ્યું હતું.




## ચૂંટણીલક્ષી ઉત્તેજના વચ્ચે ગરમીનો આકરો મિજાજ

### ગરમી અને વેકેશનના લીધે મતદાન મથકો પ્રભાવિત થવાની થવાની સંભાવના

ગાંધીનગર, તા. ૨૭

મતદાનની તારીખ આવી ગઈ છે. પ્રચારની તેજ ગતિવિધિઓ વચ્ચે નગરમાં ચૂંટણીલક્ષી ઉત્તેજના તીવ્ર બની છે. રાજકીય પક્ષોના પ્રચાર-પડઘમના લીધે સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળે છે. આજે સાંજથી પ્રચાર પડઘમ શાંત પડી જશે જ્યારે રાજકીય ગરમાવા વચ્ચે ગરમીનો પારો ઉંચો આવતા જનજીવન ચૂંટણીની ગતિવિધિઓ કરતા આકરા તાપથી વધુ પ્રભાવિત થયું છે. આવા સંજોગોમાં મતદાનની ટકાવારી પણ રાજકીય પક્ષો માટે ચિંતાનો વિષય બની છે. મતદાન વખતે વેકેશન અને ગરમીથી પ્રભાવિત થાય તેવી પ્રબળ સંભાવના વચ્ચે મતદાર જાગૃતિ અભિયાનને કેટલા અંશે સફળતા મળે છે તે પણ જોવાનું રહ્યું !

લોકસભાની ચૂંટણીને અનુલક્ષી પ્રચાર ઝુંબેશ અંતિમ તબક્કામાં છે. સેક્ટરે સેક્ટરે અને શેરીઓમાં રાજકીય પક્ષોના પ્રચાર ટોક ઓફ ધ ટાઉન છે. ભાજપના રાજકીય નેતા પણ ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડતા હોવાથી આ ચૂંટણી જંગ પ્રતિષ્ઠાભર્યો બની રહેશે. બીજી તરફ મતદારો

● અનુસંધાન પાન-૫ પર



મહિલાઓને સન્માન

▪ ૧ લાખ રૂપિયાની સરળ લોન ▪ પોલિસ ફોર્સમાં ૨૫% મહિલાઓ

કોંગ્રેસને મત આપો

अखिल भारतीय कांग्रेस कमेटी द्वारा जारी

www.inc.in | www.twitter.com/INCIndia | www.facebook.com/IndianNationalCongress | You Tube www.youtube.com/user/indiacongress